For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**નવસારી : વાડીઓમાં કેરી વિખરાઇને પડી**



**સુરત : ઢેર ઢેર સાઇનબોર્ડ રસ્તા પર**



# મિનિ વાવાઝોડું | સુરતમાં 2 કલાકમાં 100 ઘટના

**પાલ,** અડાજણ, વરાછા, સગરામપુરા, ભટાર રોડ સહિતના વિસ્તારમાં વાહનો પર વૃક્ષ તૂટી પડ્યાં, હોર્ડિંગ્સ, શેડ પણ તૂટ્યાં

સુરતઃ શહેરમાં ગુરૂવારે રાતે અચાનક વાતાવરણમાં આવેલા પલટાને પગલે 80 કિ.મી.ની ઝડપે પવન ફુકાવા લાગ્યો હતો. જેથી શહેરભરના વિવિધ વિસ્તારમાં વૃક્ષ ધરાશાય, બેનરોને નુકસાન, પતરા ઉડી જવા સહિતની ઘટના બની હતી. શહેરના વિવિધ વિસ્તારમાં પતરાના શેડ ઉડવા, થાંભલા પડવા અને વૃક્ષો તૂટી પડવાના ૧૦૦થી વધુ બનાવો નોંધાયા હતા.

ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ સુરત સહિત રાજ્યના અલગ અલગ શહેરોમાં ગુરૂવારે ...અનુસંધાન પાના 9 પર

## ક્યા ઝોનમાં કેટલાં ઝાડ પડ્યાં?

| ઝોન | વૃક્ષ |
|---|---|
| કતારગામ | 10 |
| રાંદેર | 12 |
| સેન્ટ્રલ | 03 |
| લિંબાયત | 09 |
| અઠવા | 07 |
| વરાછા(એ,બી) | 20 |
| ઉધના (એ,બી) | 08 |

## પલસાણામાં 2200 આંબાની વાડીમાં 350થી મણથી વધુ કેરીનો નાશ

**અંકલેશ્વર** અને હાંસોટમાં વાવાઝોડાએ કેરીનો પાક જમીનદોસ્ત કર્યો, ખેડૂતો પાયમાલ

**નવસારીમાં** કેરીના ઉત્પાદનમાં 20-30% ઘટાડાની ભીતિ

પલસાણા, અંકલેશ્વર, નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં ગુરુવારે રાત્રે અચાનક બદલાયેલા વાતાવરણ અને વિનાશક વાવાઝોડાએ કૃષિ ક્ષેત્રે ભારે તારાજી સર્જી છે. જેને કારણે કેરીના પાક ઉપર નિર્ભર ખેડૂતોની માઠી દશા બેઠી છે.

પલસાણાની સીમમાં આવેલી આંબાવાડીઓમાં તૈયાર થયેલો કેરીનો પાક મોટા પાયે ખરી પડતાં ખેડૂતો અને વેપારીઓ આર્થિક સંકટમાં મુકાયા છે. રાત્રિના સમયે ફુંકાયેલા અતિશય વેગીલા પવનને કારણે આશરે 80થી 90 ટકા જેટલી કેરીઓ જમીનદોસ્ત થઇ ગઇ છે. સ્થાનિક વેપારી નરેશભાઇ ગોવિંદભાઇના જણાવ્યાનુસાર રમેશભાઇ દેસાઇની આશરે 2200 આંબા ધરાવતી વાડીમાં વ્યાપક નુકસાન થયું છે. અંદાજે 350થી 400 મણ કેરીનો નાશ થતાં રૂ.4થી 4.50 લાખની આર્થિક ફટકો પડ્યો છે. વાવાઝોડા દરમિયાન આંબાની ડાળી તૂટતાં શ્રમિકોનો આબાદ બચાવ થયો હતો, જેથી મોટી જાનહાનિ ટળી છે. હવામાન વિભાગની હજુ પણ પવન સાથે વરસાદની આગાહીને પગલે ખેડૂતોમાં ફફડાટ વ્યાપ્યો છે. પાયમાલ થયેલા ખેડૂતો અને વેપારીઓએ આ કપરા સમયે સરકાર પાસે સરવે કરાવી યોગ્ય ...અનુસંધાન પાના 9 પર

### દક્ષિણ ગુજરાતમાં અસર

- પલસાણામાં વાવાઝોડા દરમિયાન આંબાની ડાળી તૂટતા શ્રમિકોનો આબાદ બચાવ થયો
- હવામાન વિભાગની હજુ પણ પવન સાથે વરસાદની આગાહીને પગલે ખેડૂતોમાં ફફડાટ
- નવસારી જિલ્લામાં કાચી કેરીના ભાવ રૂ.40 પ્રતિ કિલો સુધી પહોંચ્યા

### વાવાઝોડાને લીધે અનેક શુભ પ્રસંગોની તારીખ બદલાઇ

સુરતઃ ગઇકાલે ગુરુવારે રાત્રે સુરત સહિત સમગ્ર ગુજરાતમાં વાવાઝોડાએ ભારે કહેર મચાવ્યો હતો. સુરતમાં અનેક વૃક્ષો, હોર્ડિંગ્સ પડી ભાંગ્યા હતા. પ્રી વેડિંગ સહિત અનેક ઈવેન્ટ્સ માટે ઉભા કરાયેલા મંડપ પણ પડી ગયા હતા, જેના લીધે ઈવેન્ટ ઓર્ગેનાઈઝર્સને કરોડોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ડુમસ રોડ પર સુવર્ણ ભૂમિ પાર્ટી પ્લોટમાં એપ્રિલ મહિનાના લગ્ન પ્રસંગ માટે ...અનુસંધાન પાના 9 પર

### વાવાઝોડા બાદ શહેરના તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો

સુરતઃ શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં ગઇકાલે સાંજે આવેલા તોફાની પવન અને વાવાઝોડા જેવા વાતાવરણના કારણે વ્યાપક અસર જોવા મળી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ વાતાવરણમાં આવેલા આ અચાનક પલટાની અસર આજે તાપમાન પર પણ જોવા મળી છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન અંદાજે ૨ ડિગ્રી જેટલું ઘટીને ૩૨ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ઘટીને ...અનુસંધાન પાના 9 પર

**સાગરીત મુકેશ ઠુમ્મરની સાથે મળી છ માસથી નકલી ચલણી નોટનું રેકેટ ચાલાવાતું હતું**

# યોગના નામે પ્રદીપે બજારમાં 10 કરોડથી વધુની નકલી નોટ ફરતી કર્યાની આશંકા

**એઆઈથી** ડિઝાઈન તૈયાર કરીને ચીનથી સામગ્રી મંગાવવામાં મુખ્ય ભેજું પ્રદીપનું

**ભૂતકાળમાં** લોકોને ઠગનાર પ્રદીપ ઝડપથી પૈસાદાર થવા માંગતો હતો અને તેને નકલી નોટનો રસ્તો મળી ગયો






કામરેજ,અમદાવાદ,સુરત : યોગના નામે કાળા કામો કરનાર કામરેજના ધોરણપારડી પાસેના 'શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન' નામથી આશ્રમ ચલાવતા પ્રદીપ જોટંગીયા ઉર્ફે પ્રદીપ ગુરૂજી ખરેખર 'ગુરૂઘંટાલ' નીકળ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે તો ફોર્ચ્યુનર કારમાંથી બે કરોડની 500ના દરની નકલી ચલણી નોટ પકડી પરંતુ આ પ્રદીપ જોટંગીયો આ કારનામા છેલ્લા છ માસથી કરતો હોવાથી તેણે સુરત અને અમદાવાદ સહિત રાજ્યમાં વિવિધ શહેરના બજારોમાં પોતાના સાગરીતો મારફત આશરે 10 કરોડની નકલી ચલણી નોટ ફરતી કરી દીધી હોવાનું મનાઈ રહ્યું છે. દેશને ખોખલો કરી દેવા આ નેટવર્કમાં મુખ્ય સુત્રધાર તરીકે પ્રદીપ જોટંગીયો અને તેના સાથી તરીકે મુકેશનું નામ બહાર આવવા પામ્યું છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ટોળકીએ ...અનુસંધાન પાના 9 પર

### કૌભાંડી ગુરુ પ્રદીપ જોટંગીયાના આશ્રમમાં બે-બે ભોંયરાં મળ્યાં



નકલી ચલણી નોટ છાપીને ફરતી કરનાર કૌભાંડી પ્રદીપે સુરતના કામરેજના ધોરણપારડી ગામ ખાતે નદી કિનારે બનાવેલા 'સત્યમ યોગ ધામ'ના નામથી આશ્રમમાં ગઈકાલે અમદાવાદ ક્રાઈમબ્રાંચે દરોડો પાડીને મહત્વના દસ્તાવેજો અને નકલી નોટ છાપવાનો સામાન કબ્જે કર્યા બાદ ગ્રામજનોએ પણ ગોરખધંધા થતાં હોવાની આશંકાથી આ આશ્રમમાં તપાસ કરી હતી. સને 2008માં આ આશ્રમ બનાવવામાં આવ્યો હતો અને તેના નામે અનેક વિવાદો પણ થયા હતા. ગ્રામજનોને આ આશ્રમમાં જવા દેવામાં આવતાં નહોતા. ગ્રામજનોની તપાસમાં આશ્રમમાં બે ભોંયરા મળ્યાં હતા. જેમાં એક ભોંયરામાં મોટા પ્રમાણમાં વિવિધ સામગ્રી મળી આવી હતી. જ્યારે આશ્રમના હોલમાં ટાઈલ્સ તોડીને તપાસ કરવામાં આવતા બીજું ભોંયરું મળ્યું હતું. જોકે, તેમાં ભૂગર્ભ પાણીની ટાંકી હોવાનું જણાયું હતું. ગ્રામજનોએ કહ્યું હતું કે આ બંને ભોંયરાની સઘન તપાસ પોલીસ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

### પ્રદીપ જોટંગીયાના આશ્રમમાં રાત્રે યુવતીઓની અવરજવર રહેતી હતીઃ ગ્રામજનો

ગ્રામજનોએ જણાવ્યું હતું કે, પ્રદીપ જોટંગીયાના આશ્રમમાં રાત્રે યુવતીઓની અવરજવર રહેતી હતી. સાથે સાથે આશ્રમમાં થાર તેમજ ટોયોટા ઈનોવા જેવી કાર પણ રહેતી હતી. આ કારમાં જ બધી અવરજવર થતી હતી. જેનો ગ્રામજનો દ્વારા ભૂતકાળમાં વિરોધ પણ કરવામાં આવ્યો હતો. ગઈકાલે પણ આશ્રમમાં સવારે અનેક લોકો હતા પરંતુ જેવી ખબર પડી કે પ્રદીપ પકડાયો કે તુરંત લોકો જવા માંડ્યા હતા. શુક્રવારે સવારે તો આશ્રમને તાળાં મારી દેવામાં આવ્યા હતા.

### ચીટર પ્રદીપે સુરતમાં કેટલી ચલણી નોટ ફરતી કરી તેની તપાસ કરવાની છે, 10 દિવસનાં રિમાન્ડ મંજૂર કરાયાં

નકલી ચલણી નોટના નેટવર્કમાં પકડાયેલા યોગગુરૂ પ્રદીપ જોટંગીયા સહિત 7ના અમદાવાદ કોર્ટ દ્વારા 10 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આ તમામના ...અનુસંધાન પાના 9 પર

**ઇરાનના જમશેદ પાદશાહે આ પરંપરા શરુ કરાવી હતી**

# નવરોઝઃ સદરો-કસતીએ પારસીની જુદી જ ઓળખ ઊભી કરી છે


**પ્રાર્થના** કરતી વખતે પારસીઓ સદરા પર ત્રણ વાર વીંટાળીને ગાંઠ મારે છે

**બાળકને** પારસી કોમમાં સ્વીકારવામાં આવે તે નવજોત વખતે સદરો પહેરાવ્યા બાદ કસ્તી બાંધવામાં આવે છે

**ગુજરાતમિત્ર વિશેષ**







સુરત : આજે નવરોઝ હોવાથી દુનિયાભરના પારસીઓએ એકબીજાને મુબારકબાદી પાઠવશે. ત્યારે એ જાણવું જરુરી છે કે સદરો-કસ્તી પારસીઓની અલગ ઓળખ ઊભી કરે છે. સામાન્ય રીતે કોઈપણ ફિલ્મમાં પારસીનું કેરેક્ટર દર્શાવવામાં આવે ત્યારે સફેદ આવરણ અને તેની ઉપર બાંધેલી ગાંઠ જોવા મળે છે ત્યારે સામાન્ય લોકો સમજી શકતા નથી કે આ છે શું? ફક્ત પારસીઓ જ જેને પહેરે છે તે કસતી જીવતા ઘેંટાના ઉનમાંથી બનાવવામાં આવે છે.

આ અંગે નેવીલ સઠવાવવાલાના જણાવ્યા અનુસાર કસતી ઘેટાંના સફેદ ઊનમાંથી બને છે તે 72 અત્યંત બારીક ઊનના દોરાઓમાંથી વણવામાં આવે છે, જે જરથોસ્તી ધર્મના 72 પ્રકરણો (યસ્ના) નું પ્રતિનિધિત્વ કરે છે.

તેને અગિયારીમાં પૂજારી દ્વારા મંત્રવિદ્યાથી પવિત્ર કરવામાં આવે છે. પારસીઓ દરરોજ પ્રાર્થના (કસ્તી વિધિ) કરતી વખતે તેને તેમના કમરના ભાગે, સદરા પર ત્રણ વાર વીંટાળીને ગાંઠ મારે છે. હિંદુ બ્રાહ્મણો જે રીતે જનોઇ પહેરે છે, તેવી જ રીતે પારસીઓ પણ પોતાના ધાર્મિક રીત રીવાજ મુજબ જનોઇ પહેરતા હોય છે. તેઓએ જનોઇને કસ્તી તરીકે ઓળખે છે.

બાળક ૬થી ૯ વર્ષનું થયા બાદ પારસીઓ પોતાના છોકરા કે છોકરીને પારસી ધર્મ ક્રિયા મુજબ નવજોતની ઉજવણી કરતા હોય ...અનુસંધાન પાના 9 પર

### ગુજસીટોક કાયદામાંથી આતંકવાદ શબ્દ દૂર કરવામાં આવશે

ગાંધીનગર : ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ના 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ' (GUJCTOC) માં મહત્વપૂર્ણ સુધારો કરવા માટે 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૬' વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું છે.આગામી સપ્તાહે આ વિધેયક વિધાનસભામાં ચર્ચા માટે હાથ પર લેવાશે. ડે સીએમ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલું આ વિધેયક રાજ્યમાં કાયદો અને ...અનુસંધાન પાના 9 પર

મુસ્લીમ બિરાદરો તેમજ વહોરા સમાજને
An ISO 9001 : 2008 J.Bhagvan REGD. ISO 14001 : 2004 તિજોરીવાળા
ઈદ મુબારક પાઠવે છે.
૧૦૯ વર્ષે આજે પણ ગ્રાહકોની સેવામાં
જે. ભગવાન તિજોરીવાળા
૭/૪૬૫૧, સ્ટેશન રોડ, સુરત | Ph.0261-2423864

**મિડલ ઇસ્ટના દેશોમાં ચાલી રહેલા યુદ્ધનું સંકટ સુરતની મિલો સુધી પહોંચ્યું**

# 350 કાપડ મિલોને વીકમાં 2 દિવસ બંધ રાખવાની હિલચાલ

**યાર્નના** વધેલા ભાવો, કાપડની નબળી માંગને લીધે સભ્યોની રજૂઆતને પગલે પ્રોસેસ એસોસિએશને વિચારણા કરી

**અંતિમ** નિર્ણય વેપારી અને વિવિંગ સંગઠનો સાથે ચર્ચા કરી લેવાશેઃ જીતેન્દ્ર વખારિયા

સુરતઃ મિડલ ઈસ્ટના દેશોમાં યુદ્ધ અને વૈશ્વિક વેપાર પર પડેલી અસરને પગલે સુરત ટેક્સટાઈલ ક્લસ્ટરની 350 કાપડ મિલો વિકમાં 2 દિવસ બંધ રાખવા સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA) ની કારોબારી સમિતિની બેઠકમાં દરખાસ્ત મૂકવામાં આવતા સર્વાનુમતિ સધાઇ છે પરંતુ અંતિમ નિર્ણય વિવર્સ સંગઠનો અને કાપડના વેપારીઓના સંગઠનો સાથે બેઠક બાદ લેવાશે. સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA) ના પ્રેસિડેન્ટ જીતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે, મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે ક્રૂડની સાથે તેની વેસ્ટ પ્રોડક્ટ યાર્નના રો મટીરિયલ અને યાર્નના ભાવો પણ વધ્યા છે. યુદ્ધની અસર ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ લેવલે સુરતમાં ઉત્પાદિત કાપડ ઉધોગ પર પણ પડી છે. હોળી પર્વમાં 50% કારીગરો વતને ગયા હતા.એ પાછા સુરત આવે એ પેહલા યુદ્ધ છેડાઈ ગયું. ...અનુસંધાન પાના 9 પર

### વિવિંગ ઇન્ડસ્ટ્રીએ પણ બે-ત્રણ રજાનો નિર્ણય લેવો જોઇએ : મયૂર ગોળવાલા

અગ્રણી વિવર્સ અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે, વિવિંગ ઇન્ડસ્ટ્રીઝમાં પણ અઠવાડિયામાં બે થી ત્રણ દિવસની રજા રાખવા સામુહિક વિચાર કરવો જોઈએ, જેથી માલનો ભરાવો ઓછો થવા સાથે યાર્નના કૃત્રિમ રીતે કાર્ટેલ માં વધેલા ભાવો પણ ઘટી શકે. મુઠ્ઠીભર સ્પીનર્સ અને યાર્ન ઉત્પાદકો કૃત્રિમ તેજી લાવી શકે છે જ્યારે અનઓર્ગેનાઇઝ સેક્ટરમાં ક્યારેક પણ કૃત્રિમ ...અનુસંધાન પાના 9 પર

### 23 અને 24 માર્ચે અઠવા ઝોનમાં પાણીકાપ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના અઠવા ઝોનમાં અલથાણ જળવિતરણ મથક પાસે GMRCL દ્વારા વી.આઇ.પી. રોડ મેટ્રો સ્ટેશનની કામગીરી ચાલી રહી છે, જેમાં નડતરરૂપ કોમનહેડર લાઈનની શિફ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી 23/03/2026 ના રોજ સવારે 09:00 કલાકથી શરૂ કરી રાત્રે કામ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન અલથાણ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકી ભરી શકાય તેમ ન હોવાથી, 23/03/2026 ના રોજ સાંજના સમયે અને 24/03/2026 ના રોજ સવારના સમયે પાણી પુરવઠો પૂરો પાડી શકાશે નહીં. જેને લઈ તા. 23/03/2026ના રોજ બપોરે 03:00 થી 06:00 કલાક દરમિયાન અલથાણ તથા ...અનુસંધાન પાના 9 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

આજે પૂજ્ય 'મા' નો નિર્વાણદિન
૧૮ માર્ચ ૧૯૯૧ → ૧૮ માર્ચ ૨૦૨૬ – 'મા' નો દેહવિલય થયાને ૩૫ વર્ષ વિત્યા
'મા' તમને શત્ શત્ વંદન


ચૈત્ર સુદ ત્રીજ
મા અષ્ટભૂજા અંબિકાનાં આરાધિકા સ્વ. પૂ. ભારતીમૈયા
સેવા પ્રકલ્પો
› શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ
› શ્રી જ્ઞાનભારતી ટ્રસ્ટ (શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ)
› શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી
› શ્રી કે. પી. સંઘવી આઈ ઈન્સ્ટીટ્યુટ
› શ્રી ભારતસિંહ ગેમલસિંહ મકવાણા કોલેજ ઓફ નર્સિંગ
› શ્રી અંબિકાનિકેતન મેડિકલ ટ્રસ્ટ (શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ)
› શ્રી ભારતીમૈયા મેમોરિયલ ફાઉન્ડેશન (ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ)
› બી. એમ. એફ. રેડિયેશન યુનિટ
અંબિકાનિકેતન ટ્રસ્ટ, અઠવાલાઈન્સ, સુરત. ફોન : (૦૨૬૧) ૨૦૦૦૯૦૦/૯૦૧


"राष्ट्राय स्वाहा, इदं राष्ट्राय इदं न मम"
श्रद्धांजलि सभा

गुजराती-मारवाड़ी समाज की सर्व मान्य संस्था राजस्थान युवा संघ के वर्तमान अध्यक्ष 36 कोम को साथ लेकर चलने वाले राजस्थानी समाज के सिरमौर, सुख-दुःख में साथ खड़े रहने वाले हमारे प्रिय
विक्रमसिंहजी शेखावत
(अध्यक्ष राजस्थान युवा संघ/ लघु उद्योग भारती, सूरत)
का देवलोकगमन दि. 03-03-2026 को हो गया था जिनकी श्रद्धांजलि सभा सूरत में 22-03-2026, रविवार को सायं 6:00 से 8:00 बजे तक रखी गयी है।
स्थल:-तुलसी पार्टी प्लॉट, गोड़ादरा रोड, सूरत
लोकेशन
श्रद्धानवत
सन्तोष कँवर- राजपाल सिंह शेखावत (मम्मी - पापा) ललिता कँवर (पत्नी)
कुशाग्रसिंह (पुत्र),प्रीति कँवर - प्रदीप सिंह (भाई), आरव - शिवांश (भतीजे)
मोनिका कँवर -नरवीर सिंह जी (बहन - बहनोई) शेखावत परिवार-बनगोठड़ी
•मीसा सिक्योरिटी• संतराज ग्रुप
•राजस्थान युवा संघ परिवार•राजस्थान क्षत्रिय राजपूत समाज, सूरत

દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

(૦૯/૧૧/૧૯૩૯ – ૨૧/૦૩/૨૦૨૪)
અમોના મોભી વડીલ સ્નેહીશ્રી
પ્રકાશચંદ્ર અતિસુખલાલ વિમાવાળા ને
ભાવપૂર્ણ શબ્દોના અંતઃકરણથી શ્રદ્ધાંજલિ.
ઠાકોરજી સદાય આપને તેઓના ચરણોમાં આશ્રિત રખાવે. જય શ્રી કૃષ્ણ !
• શર્મિષ્ઠા પ્રકાશચંદ્ર વિમાવાળા પરિવાર

રાજપુત અવસાન

સ્વ. વિક્રમસિંહજી દોલતસિંહજી પરમાર સ્વ. તા. ૧૯/૦૩/૨૦૨૬
સંયુક્ત સ્મરણાંજલિ
અમારા પૂજ્ય મોટાભાઈ/પિતા વિક્રમસિંહજી દોલતસિંહજી પરમાર તા-૧૯/૦૩/૨૦૨૬ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે.
જેમની સંયુક્ત સ્મરણાંજલિ
તા.૨૨/૦૩/૨૦૨૬ ને રવિવાર બપોરે ૧ થી ૫ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્થળ: સ્નેહ સૌરભ, કુંભાર શેરી, ઉન ગામ, સુરત સિટી.
લિ. શ્રી. કનકસિંહજી દોલતસિંહજી પરમાર (ભાઈ)
શ્રી. અજીતસિંહજી દોલતસિંહજી પરમાર (ભાઈ)
શ્રી. હાર્દિકસિંહજી વિક્રમસિંહજી પરમાર (પુત્ર)
શ્વસુરપક્ષ (ગોડાદરા)
સ્વ. ભરતસિંહજી ગંભીરસિંહજી ગોહિલ | શ્રી. ખુમાનસિંહજી ગંભીરસિંહજી ગોહિલ
શ્રી. મહેન્દ્રસિંહજી દલપતસિંહજી ગોહિલ | શ્રી. પ્રવીણસિંહજી દલપતસિંહજી ગોહિલ


સ્વ. જીતેન્દ્ર (બાબુભાઇ) રંગીલદાસ ભગતજી
સ્વ. ફાગણ વદ છઠ
વીસમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી
લિ. ગં.સ્વ. કુમુદબેન જીતેન્દ્ર ભગતજી તથા સમસ્ત ભગતજી પરિવાર

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભિની હદયાંજલિ

અ.સૌ.સ્વ.પદમાબેન ઈશ્વરભાઈ પરમાર
સ્વ.તા.૨૧-૦૩-૨૦૨૧
સુખ દુઃખમાં સદા હસતા રહ્યાં,
સૌના હૃદયમાં વસતા રહ્યાં તમે,
હવે નજર સમક્ષ પાંપણના પલકારે
મોક્ષ પામી ગયા તમે...
આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લી.
ઈશ્વરભાઈ ગોવિંદભાઈ પરમાર
રોશની ટી. કોસંબીયા(પુત્રી)-તરંગ બી. કોસંબીયા(જમાઈ)
કર્વ (પૌત્ર) - રીટાન્યા (પૌત્રી)
તથા સમસ્ત પરમાર પરિવાર
૨૪/૨૫ મંગલમ્ સોસાયટી-૨,ગામ-અંદાડા,તા.અંકલેશ્વર,જી.ભરૂચ

દસમી માસીક શ્રધ્ધાંજલિ

સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૧/૦૫/૨૦૨૫
એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગયો તાણી. હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી. સદ્ગુરુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ. સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ(મગદલ્લા)
ભાનુબેન અમરતભાઈ પટેલ(મગદલ્લા)
સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ
સુધાબેન હરીશભાઈ પટેલ(પીપલોદ)
તારાબેન હરીશભાઈ પટેલ(ભરથાણા)
દેવીલાબેન ગીરીશભાઈ પટેલ(ખજોદ)
સ્થળ : પ્લોટ નં, A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.